આજે પંચદેવ મંદિરના લઘુરુદ્રનું ઈન્ટરનેટ પર જીવંત પ્રસારણ

ગાંધીનગર, તા.૪

પંચદેવ મંદિરના મહંત શ્રી નીલકંઠ શાસ્ત્રી અને લાયન્સ કલબના સહયોગથી પંચદેવ મંદિર ખાતે તા. ૫ સપ્ટેમ્બર ગુરુવારના રોજ શ્રી નગરેશ્વર મહાદેવ મહાપાર્થિવ લિંગ પ્રતિષ્ઠા-પૂજન અને હોમાત્મક લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાયજ્ઞનું જીવંત પ્રસારણ **nm.vmukti.com** પરથી નિહાળી શકાશે.

આ મહાપાર્થિક લિંગ પ્રતિષ્ઠા પૂજનમાં શહેરના ૧ થી ૩૦ સેકટરની માટી તથા આસપાસના ગામોની માટી સહિત પ્રથમ જયોર્તિલિંગ સોમનાથ પ્રભાસક્ષેત્રની માટી સત્સંગીઓ તથા તુષારભાઈ દવે દ્વારા એકત્રીત કરવામાં આવી છે. સવારે ૯ થી ૬.૩૦ દરમિયાન લઘુરૂદ્ર યોજાશે જયારે સાંજે ૬ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાર્થિવલિંગના નિર્માણ કાર્યમાં દિલિપભાઈ જાની, તુષાર દવે, રાધેશ્યામ, મનોજ સિંધી, પુનીત પાઠક સહિત સ્વયં નીલકંઠ શાસ્ત્રીજીએ સહયોગ આપ્યો છે.

રાજ્યને ઈ-ગવર્નન્સ માટે સ્ટેટ ઓફ ધ ઈયર ખિતાબ

ગાંધીનગર, તા.૦૪

સ્કોચ એવોર્ડર ૨૦૧૩ના ઉપક્રમે ગુજરાતને ઈ-ગવર્નન્સના

શ્રેષ્ઠ અમલ માટે સ્ટેટ ઓફ ધ ઈયર ખિતાબના વિજેતા રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ એવોર્ડસની સ્થાપના સ્કોચ જે એક વ્યુહરચના અને સંચાલન પરામર્શ દ્વારા કરવામાં આવી છે.

આ પ્રસંગે એક સમારંભ ખાતે ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.કે. નંદાએ યુનિક આઈટેટિફિકેશન ઓથોરીટી ઓફ ઈન્ડિયાના પ્રમુખ નંદન નિલેકણીના હસ્તે આ ખિતાબને સ્વીકાર્યો હતો.

આ ખિતાબ સ્વીકાર્યા બાદ નંદાએ જણાવ્યું હતું કે ગુજરાતના ગવર્નન્સ મોડેલને તેના ઈ-તાલ પોર્ટલ પર નોંધાયેલ ઈ-વ્યવહારોની સંખ્યાની દ્રષ્ટીએ શ્રેષ્ઠતમ ક્રમાંકિત કરવામાં આવી છે. ગુજરાતે સુપરિભાષિત વહીવટી પ્રક્રિયાઓ સાથે તેના તમામ વિભાગો અને તેના પદાધિકારીઓને સમાવિષ્ટ કરતો ઈ-ગવર્નન્સ તરફનો એક વ્યાપક અભિગમ અપનાવ્યો છે. આના પરિણામે ઓછા ખર્ચે સેવાઓનું ઝડપી વિતરણ, દુર સુધીના વિસ્તારોનો સેવાના વિતરણમાં સમાવેશ અને કોમ્પ્યુટરના વપરાશ માટેના અક્ષરજ્ઞાનમાં વધારો થયો છે.

આગામી સમયમાં યોજાનારી રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી પૂર્વે રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયા આજે જગત જનની મા જગદંબાના ચરણે આજે આવી પહોંચ્યા હતા અને દર્શન કરી પાવન થયા હતા. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

સેક્ટર-૨૪ ખાતે યોજાયેલ શિવ કથાની આજે પૂર્ણાહુતી

ગાંધીનગર સેકટર-૨૪ ડબલડેક્કર અંબા માતાજીના મંદિર ખાતે ચાલી રહેલી 'શિવકથા' જેનો મુખ્ય ઉદ્દેશ્ય કથા દરમ્યાન આવેલા નાણા ચારધામના પૂર પીડિતોના રાહત અર્થે આપવાનો હતો. જે કથા આવતીકાલે અમાસના રોજ પૂર્ણ થાય છે. જે નાણાં કથાકાર પોતે આગામી તારીખ ૬ સપ્ટેમ્બરના રોજ હરિદ્વાર ખાતે જઈ ઉત્તરાખંડના મુખ્યમંત્રી રાહત ફંડ ખાતે જમા કરાવવા જઈ રહ્યા છે. જે માટે આવતીકાલે સાંજે સાત કલાકે કથા વિરામ લેશે જેથી સૌ ધર્મ પ્રેમી જનતાને લાભ લેવા માટે શિવકથા પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.

હિંમતનગરના બાયપાસ હાઈવે સ્થિત દેના ગ્રામીણ સ્વરોજગાર પ્રશિક્ષણ સંસ્થાનના નવા મકાનનો શિલાન્યાસ વિધિ જિલ્લા સમાહર્તા બંછાનિધિ પાનીના વરદ હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ., દેનાબેંકના ઝોનલ મેનેજર મહેન્દ્ર શાહ, ગ્રામ વિકાસ એજન્સી નિયામક ભાર્ગવી દવે સહિત યુવક યુવતીઓ હાજર રહ્યા હતા. દેના ગ્રામીણ સ્વરોજગાર પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા ગ્રામીણ યુવક યુવતીઓને સ્વરોજગારની તાલીમ આપવામાં આવી હતી. (તસવીર : મગનજી વણઝારા)

એસ.વી. કેમ્પસ કડીની હાઈસ્કુલનું ગૌરવ

ગાંધીનગર, તા.૪

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ દ્વારા તાજેતરમાં થોળ મુકામે ગણિત વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૩ રાખવામાં આવેલ હતું. જમાં વિભાગ-ઉના સ્વાસ્થ વિષય પર આધારિત ઔષધિય વનસ્પતિની ઓળખ અને આયુર્વેદિક ગ્રાઈપ વોટર બનાવાયું હતું.

આ કૃતિ જિલ્લા કક્ષા માટે પસંદગી થતા શાળાનું તેમજ સંસ્થાનું ગૌરવ વધારેલ છે તે માટે શાળાના આચાર્ય ડૉ. બાબુલાલ આર. પટેલે ભાગ લેનાર વિદ્યાર્થી સોઢા લક્ષ્મણ કે. અને દરજી લાલા ઓ. તેમજ શિક્ષક દિનેશભાઈ આર. પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં.

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે હાલ અપુરતા શિક્ષકો હોવાની સરકારને રજુઆતો મળી

ગાંધીનગર, તા.૪

રાજયમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે હાલમાં અપુરતા શિક્ષકો હોવાની રજુઆતો મળતાં રાજય સરકાર આ ઘટ પૂરી કરવા માટે વિદ્યા સહાયકોની ભરતી પ્રક્રિયા પુનઃ શરુ કરી છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ મોટા પ્રમાણમાં શિક્ષકોની ઘટ હતી આ ઘટને પુરી કરવા માટે રાજય સરકાર દ્વારા રાજયમાં વિદ્યાસહાયક યોજના અમલમાં મુકીને શિક્ષકોની ભરતી શરુ કરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં જિલ્લા તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ રાજય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા આંતર માળખાકીય સુવિધાઓ સહીતની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. જે સંદર્ભે પ્રજાજનો પાસેથી તેમને પુરતી સેવાઓ મળે છે કે નહીં તે અંગેના પ્રતિભાવો પણ સરકાર દ્વારા મેળવવામાં આવે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ રાજયના મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક બેઠક મળી હતી. જેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે પ્રજાજનો પાસેથી જે પ્રતિભાવો મળ્યા છે તેમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે હાલ અપુરતા શિક્ષકો હોવાની રજુઆતો સરકારને મળવા પામી છે.

આ રજુઆત અંગેની વિગતો આપવાનું શિક્ષણ વિભાગને જણાવતાં વિભાગે એવું જણાવ્યું હતું કે તાજેતરમાં જ ૬૫૦૦ જેટલા શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે જેના કારણે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની જે ઘટ વર્તાઈ રહી છે તેમાં ઘણે અંશે રાહત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ રાજય સરકાર દ્વારા રાજયભરમાં એક કાર્યક્રમ યોજીને વિદ્યાસહાયકોને નિમણુંક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ છતાં હજુ પણ રાજયમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે હાલમાં પણ અપુરતા શિક્ષકો હોવાનો ખુદ શિક્ષણ વિભાગે આડકતરી રીતે એકરાર કર્યો હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ય વિગતો મુજબ તાજેતરમાં જ રાજય સરકાર દ્વારા ટેટની પરીક્ષા લેવામાં આવી છે. આ પરીક્ષાના પરીણામ આવ્યા બાદ ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો પૈકી મેરીટમાં આવનાર ઉમેદવારોને વિદ્યાસહાયક તરીકે ભરતી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સ્વામિનારાયણ ધામ કોબા હાઈવે પર ચાતુર્માસ નિમિત્તે પારાયણનો લ્હાવો

પવિત્ર ચાતુર્માસ નિમિત્તે તા. ૪-૯-૨૦૧૩ને બુધવારથી તા. ૮.૩૦થી ૧૦.૩૦ સ્વામિનારાયણ ધામ ખાતે પંચદિનાત્મક પારાયણનું આયોજન કરેલ છે. જેમાં દરરોજ અલગ અલગ અધ્યાત્મ તથા જીવનલક્ષી વિષયો ઉપર અલગ-અલગ પવિત્ર અને શ્રેષ્ઠ સંતોના મુખે પારાયણનો લ્હાવો મળશે. જેમાં તા. ૬-૯-૨૦૧૩ને શુક્રવારે પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (પૂ. સ્વામીશ્રી)ની દિવ્યવાણીનો અદ્‌ભુત લાભ મળનારો છે. તેમજ તા. ૮-૯-૨૦૧૩ને રવિવારે પૂર્ણાહૂતિમાં મહાસમર્થ ગુરૂવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય દર્શન-આશીર્વાદનો લાભ મળનારો છે. પૂર્ણાહૂતિનો પ્રોગ્રામ સાંજે ૬ થી ૮ નો રહેશે. તો સમગ્ર ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આ લ્હાવો લેવા પધારવા સ્વામિનારાયણ ધામ પરિવારનું ભાવભર્યું નિમંત્રણ.

ઉનાવામાં રોટરી કલબ દ્વારા નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૪

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા તા. ૮મી સપ્ટેમ્બરના રોજ ઉનાવા ગામે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ સવારે યોજાશે. આ કેમ્પમાં નિષ્ણાત ડૉકટરો સેવા આપશે. જેમાં ડૉ. પિયુશ દવે આંખના નિષ્ણાત, ડૉ. ગુંજન જૈન બાળકોના, ડૉ. વિજય ઉપાધ્યાય, ડૉ. કાંતીભાઈ પટેલ હાડકાનાં, ડૉ. જયેશભાઈ શાહ, ડૉ.મિલન મણિયાર, ડૉ. સૌરભ કાપડીયા, ડૉ. રાજેશ શાહ, ડૉ. અમીબેન ભાવસાર સેવા આપશે. નિઃશુલ્ક દવા રાહતદરે ચશ્મા વિતરણ, મફત ડાયાબિટીશ ટેસ્ટ પણ થશે. રોટરી કલબના પ્રમુખ રાહુલ મહેતાએ જણાવેલ છે.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા સાપુતારાના પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૪

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા સભ્યો માટે સપ્ટેમ્બરની તા. ૧૭૦૧૮ના ગાંધીનગરથી ગીરી મથક સાપુતારાના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જે સભ્યો પ્રવાસમાં જોડાવા ઈચ્છતા હોય તેમણે હરજીવનભાઈ પંચાલ કોષાધ્યક્ષનો મો. ૯૮૨૪૬૧૩૬૩૦ પર તા. ૧૦ સપ્ટેમ્બર પહેલા સંપર્ક કરવા જણાવેલ છે.

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર જોગ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર કડવા પાટીદાર સમાજની અગત્યની બેઠક આગામી તારીખ ૫ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ રાત્રિના ૮ કલાકે ઉમા સમાજ ભવન ખાતે મળશે. સમાજી બેઠકમાં નવરાત્રી ગરબાનું આયોજન તેમજ સમાજના વાર્ષિક સામાન્ય સભાના એજન્ડા નક્કી કરવા તેમજ ભવનના ઉદઘાટન સંદર્ભે ચર્ચા વિચારણા કરવા ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ ટ્રસ્ટીઓ તથા જે તે સમાજ-ગોળના પ્રમુખ મંત્રીઓએ હાજર રહેવું તેમ કડવા પાટીદાર સમાજના પ્રમુખ મંગળદાસ એ. પટેલ તેમજ મહામંત્રી ભોળાભાઈ આઈ. પટેલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

નવી પેઢીના ઘડતરની જવાબદારી આપણા સેવા-સમર્પિત શિક્ષકોની છે : રાજયપાલશ્રી

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું છે કે મહાન વિદ્વાન, ચિંતક, રાજમર્મજ્ઞ અને અસાધારણ પ્રતિભા સંપન્ન શિક્ષાવિદ્ તથા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન-૫મી સપ્ટેમ્બરને 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે. તેમણે જણાવ્યું છે કે આપણી નવી પેઢીના ઘડતરની જવાબદારી આપણા શિક્ષકોની છે.

રાજયપાલશ્રીએ કહ્યું કે શિક્ષકો જ્ઞાનનો ભંડાર છે. શિક્ષકો વિદ્યાર્થીઓના આદર્શ છે. તેનું આચરણ વિદ્યાર્થીઓ માટે ઉદાહરણ છે, જે તેમને શિસ્ત, પ્રમાણિકતા અને નૈતિક મૂલ્યોને જીવનમાં આતમસાત કરવાની પ્રેરણા પૂરી પાડે છે. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓએ શિક્ષકનું હંમેશા આદર સન્માન કરવું જોઈએ અને તેના ચિંધેલા પથ પર આગળ વધી રાષ્ટ્રના વિકાસને નવી ઉંચાઈઓ પર પહોંચાડી દેશને ગૌરવાન્વિત કરવો જોઈએ.

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તા પર બુધવારે બપોરે નવીનભાઈ લાલજીભાઈ ડામોર ઉ.વ. ૫૨ સિવિલ રોડથી હાઈ-વે પર બાઈક જીજે-૯-એલ-૧૫૧૧ લઈ જતા હતા. દરમિયાન અમદાવાદ તરફથી આવતી ટાટા વિંગર જીજે-૬-એક્સએક્સ ૭૦૮ બાઈકને ટક્કર મારતા નવીનભાઈ માર્ગમાંથી ફંગોળાઈ ગયા હતા. આથી તેમણે શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. પરિણામે ખેડબ્રહ્મા સિવિલમાં બાદમાં હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

અંધશાળા ખાતે શિક્ષક દિનની ઉજવણી થશે

ગાંધીનગર સેક્ટર-૧૬ સ્થિત અંધશાળા ખાતે શિક્ષકદિન નિમિત્તે પમી સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવશે. જ્યારે આ ઉપરાંત આગામી તારીખ ૬ સપ્ટેમ્બરના રોજ એલ.આઈ.સી. ગાંધીનગરના સહયોગથી શાળા ખાતે સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લેશે. તેમ સંસ્થાના મંત્રી રહેમાનભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગરની સમાન્ય સભાની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર બ્રહ્મભટ્ટ સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૮ સપ્ટેમ્બરને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સેક્ટર-૧૭ ટાઉનહોલ સામેની લોન ખાતે રાખવામાં આવેલ છે.

બ્રહ્મભટ્ટ સમાજની યોજનાર બેઠકમાં વર્ષ ૨૦૧૧-૧૨ તેમજ વર્ષ ૨૦૧૨-૧૩ના વાર્ષિક હિસાબો મંજુર કરવામાં આવશે. અને નવા હોદેદારોની વરણી તેમજ પ્રમુખ સ્થાનેથી જે રજુઆત થાય તે તમામ બાબતોને ધ્યાનમાં લઈ ચર્ચા વિચારણા કરવામાં આવશે.

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજની ૯મીએ સામાન્ય સભા

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટની દસમી વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૯ સપ્ટેમ્બર સોમવારના રોજ બપોરે ૧ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ સેક્ટર-૧૨ ખાતે રાખવામાં આવેલ છે. તો શહેરના સર્વ સભાસદ મિત્રોને સામાન્યસભામાં હાજર રહેવા સંસ્થાના પ્રમુખ કે.આર. ડામોરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

શ્રાવણી અમાવાસ્યા નિમિત્તે ત્રિમૂર્તિ દત્તમંદિર ખાતે લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા. ૪

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગરના ઉપક્રમે ત્રિમૂર્તિ દત્તમંદિર સેક્ટર-૨૮ ખાતે તા. ૫ સપ્ટેમ્બર ગુરૂવારના રોજ સાંજે ૭ થી ૧૦.૩૦ કલાક દરમિયાન લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે.

પવિત્ર શ્રાવણી અમાવાસ્યા નિમિત્તે સેક્ટર-૨૮માં રહેતા દિપકભાઈ દવે (યુ.એસ.એ.) તરફથી આ લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ લઘુરૂદ્રમાં ૧૦૦૮ બિલીપત્ર અને કમળપૂજા તેમજ દૂધનો અભિષેક કરવામાં આવશે. આ પ્રસંગે શહેરની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. તેમજ શ્રાવણ માસ નિમિત્તે દત્ત મંદિર ખાતે દરરોજ લઘુરૂદ્ર કરવામાં આવ્યા હતા. તેમાં શહેરના ભક્તોએ સાથ અને સહકાર આપ્યો હતો તે બદલ દત્ત મંદિરના આચાર્ય નવનીતભાઈ પાઠકે આભાર વ્યક્ત કર્યો છે.

ગુજરાત બંધનું એલાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અધિકારી વણઝારાએ ૧૦ પાનાના રાજીનામાનાં પત્રમાં આપેલી વિગતોએસમગ્ર દેશની આંખ ખોલવાની સાથે ગુજરાતની પ્રજાને ધ્રુજારી આપી જાય તેવી ઘટનાઓનું નિરૂપણ કર્યું છે. વણઝારાએ ઉલ્લેખ કર્યો છે કે અમે અક્ષરશઃ સરકારે નક્કી કરેલી નીતિ અનુસાર અને સરકાર બેઠેલા મુખ્યમંત્રી અને રાજ્યકક્ષાના ગૃહમંત્રીના માર્ગદર્શન અને નિરીક્ષણ હેઠળ જ ક્ષેત્રીય અધિકારીઓ તરીકે એન્કાઉન્ટરો કર્યા છે. ક્ષેત્રીય કામગીરી કરનાર અધિકારીઓ જેલમાં હોય તો મોદી સરકાર પણ ગાંધીનગર નહીં પરંતુ મુંબઈની તલોજા જેલ કે અમદાવાદની સાબરમતી જેલમાં હોવી જોઈએ. આ પત્રમાં સીબીઆઈને બદનામ કરીને અમીત શાહને બચાવવા માટે કાવત્રાઓ કરીને કેવી રીતે મુંબઈની જેલમાં ધકેલવામાં આવ્યા તેનો ઉલ્લેખ કર્યો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે વણઝારા સહિતના ૨૯ અધિકારીઓની ધરપકડ ગુજરાતની સીઆઈડી (ક્રાઈમે) કરી હતી.

બીજી ઘટનામાં દિલ્હીના પુષ્પ શર્માએ સ્ટીંગ ઓપરેશન કરીને પાડેલ સીડીમાં શોહરાબુદ્દીન સાથે સંકળાયેલા આઝમખાન નામના વ્યક્તિએ કેમેરા સામે જણાવ્યું છે હરેન પંડ્યાની હત્યાના મુખ્ય કાવત્રાખોર મુફ્તી સુફીયાનને ગુજરાત સરકારે જ વ્યવસ્થા કરીને બાંગ્લાદેશની સરહદે સલામતી રીતે મુકી આવેલ હતી. આ સીડીમાં પણ અમીત શાહને બચાવવા માટે નકલી એન્કાઉન્ટરમાં માર્યા ગયેલ તુલસી પ્રજાપતિના માતૃશ્રી નર્મદાબેન પ્રજાપતિનું વકીલાતનામું મેળવવા માટે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સાંસદ પ્રકાશ જાવડેકર અને સાંસદ ભુપેન્દ્ર યાદવે મુખ્યમંત્રી મોદીની સુચનાથી સફળ કામગીરી કરી હતી.

લેપટોપ ચોર્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સે. ૧૬ દેનાબેંક પાછળની ઝાડીમાંથી બે બેગ મળી છે જેમાં તમારૂ વીઝીટીંગ કાર્ડ છે. ગાડીમાં પડેલી બે બેગ ત્યાં કેવી રીતે પહોંચી ? ઘનશ્યામભાઈ પટેલ પણ મુંઝાઈ ગયા. તાત્કાલિક બહાર નીકળીને ગાડીમાં જોયું તો કાચ તુટેલા હતા. આ જ ગેંગ ગાડીનો કાચ તોડીને બે બેગ ઉઠાવી ગઈ હતી. જે બેગમાં પડેલું લેપટોપ, ચાર્જર અને પોઈન્ટર આશરે કિં. રૂ. ૪૫ હજાર અને અન્ય જરૂરી દસ્તાવેજો પડ્યા હતા. પોલીસને જાણ કરતા સે. ૨૧ પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને ગુનો દાખલ કરીને આ ગેંગને શોધી કાઢવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

શબ્દાવલી - ૫૧૬૭

૧	૨	૩	૪	■	૫	૬	
૭				■	૮		■
	■	■	૯	૧૦		■	૧૧
૧૨	૧૩	૧૪	■		■	૧૫	
■	૧૬		■	■	૧૭		
૧૮	■	૧૯		૨૦		■	
૨૧	૨૨		■		■	૨૩	■
૨૪		■	૨૫				

આડી ચાવી

૧. ક્ષમા આપવામાં મહાન માણસોની ... છે (૪)
૫. જાણવાની તમન્ના (૩)
૭. આગતાસ્વાગતા (૪)
૮. વર્ણ, રંગ (૨)
૯. સ્ત્રીને પ્રથમ પ્રસુતિ પછી અણુ કરે તે (૩)
૧૨. ત્વરાથી, ... જ (૩)
૧૫. કેટલા... કર્યા પણ માનતા જ નથી (૨)
૧૬. એક ધાન્ય (૨)
૧૭. આપણા દશમાં દુર્ઘટનાગ્રસ્ત લોકો માટે તરત જ... કેન્દ્રો ચાલુ થાય છે (૩)
૧૯. કાપડની એક જાત (૪)
૨૧. ઘુંઘટ, પડદો (૩)
૨૪. ઓછું (૨)
૨૫. ગુજરાન (૫)

ઊભી ચાવી

૧. ચર્ચા-વિચારણા (૪)
૨. માળા, ડોકનું ઘરેણું (૨)
૩. આકાશ (૨)
૪. બરબાદી, નુકશાની (૩)
૫. જંતુ, જીવાત (૩)
૬. જાણવું તે, ... હોવું (૨)
૧૦. મિત્રતા, દોસ્તી (૨)
૧૧. હંમેશનું, અવિનાશી (૪)
૧૩. રવિવાર... નો દિવસ છે (૨)
૧૪. ઉપાય (૪)
૧૫. ખૂબ સરસ જેવો ઉદ્‌ગાર (૨)
૧૭. બાજરીના લોટની એક વાનગી (૨)
૧૮. સોનું, સુવર્ણ (૩)
૨૦. ... જમીનની ફળદ્રુપતા વધારે (૩)
૨૨. ... કામ કા ના કાજ કા દુશ્મન અનાજ કા (૨)
૨૩. પડવાળી બિસ્કીટ (૨)

શબ્દાવલી ૫૧૬૬ના જવાબ

આડી ચાવી :- (૧) દગડફુલ (૨) રગ (૬) વેરાન (૮) શક (૧૦) અંતરસ (૧૧) તરવરાટ (૧૨) સભાન (૧૪) સંતલસ (૧૭) ખીતો (૧૯) વનરાજ (૨૨) તર્પણ (૨૩) ખડતલ

ઊભી ચાવી :- (૧) દહેશત (૨) ડર (૩) ફુગ (૪) ફરાર (૬) વેત (૭) નસલ (૯) કરવત (૧૦) અંટસ (૧૩) નખી (૧૪) સંગત (૧૫) લવણ (૧૬) સન (૧૮) તોરલ (૨૦) રાખ (૨૧) જડ

પર્યુષણ પર્વ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પામવાથી શોકથી સંતપ્ત થયેલા રાજાને સમાધિ આપવા માટે વડનગરમાં રાજા રાણી વગેરે ગૃહસ્થોની સભાઓમાં મહાપવિત્ર કલ્પસુત્રનું વાચંન થયું. તેથી બધાનો શોક દૂર થયો અને બધા હર્ષ અને આનંદથી વિભોર બની ગયા. ત્યારબાદ આ કલ્પસુત્ર ચતુર્વિધ સંઘને સંભળાવવામાં આવે છે.

જે આત્મા સંપુર્ણ કલ્પસુત્ર ૨૧ વાર ભાવપુર્વક સાંભળે છે તે આત્માના મોક્ષના દ્વારા અવશ્ય ખુલી જાય છે. આત્મા પરમ સુખનો ભોકતા બને છે. તેના ભવભ્રમણ મટી જાય છે. અલબત્ત કલ્પસુત્રના શ્રવણ સાથે શકિત અનુસારે તપ શાસનપ્રભાવના આદિ સહયોગી કારણોની પણ આવશ્યકતા રહે છે.

પહાડ ઉપર ચઢવાની યાત્રામાં જયાં બેઠા હોઈએ, ત્યાં ઝોકું આવી ગયું. અરે સુઈ ગયા. તો પણ જાગ્યા, ત્યારે ઉપર ચઢવાનું હોય છે. પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં જયાં મોહનું ઝોકું આવ્યું ત્યાંથી એવાં ગબડે કે પાછા એ સ્થાન ઉપર આવતા લાખો કરોડો ભવ કરવા પડે. આ વાત કલ્પસુત્રમાં મરીચિના ભવોથી સમજાવી છે. ત્રીજા ભવમાં તેઓ એવા ગબડયા કે ચરમ ભવમાં અષાઢ સુદ-૬ના દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં દેવાનંદાની કુક્ષિમાં આવવા સુધી તે કર્મનું બેલેન્સ ચાલ્યું. તેથી ચ્યવન વખતે ઈંદ્ર સિંહાસનનું કંપવું વગેરે ન થયું. ત્યારબાદ ૮૨ દિવસ ગયા પછી કે કર્મ ખપી જવાથી ઈન્દ્રને ખબર પડી ત્યારે મોજડી ઉતારી પ્રભુની દિશામાં 'નમૃત્યુણં' બોલ્યા.

ધર્મસારથિ તરીકે નવાજેલા પ્રભુ મહાવીર સ્વામીએ ઉન્માર્ગે ગયેલા મેઘકુમાર મુનિને શી રીતે સન્માર્ગ પર લાવ્યા. એ વાત આજે કલ્પસુત્રના પ્રથમ વ્યાખ્યાનમાં જાણવા મળે છે. આજે બપોરના બીજા વ્યાખ્યાનમાં મુખ્ય ૨૭ ભવનું વર્ણન આવે છે. સમ્યગ્દર્શન નયસારના ભવમાં પ્રાપ્ત થયું તે પહેલો ભવ કહેવાયો. બીજા ભવમાં દેવલોકમાં ગયા.

પ.પૂ. પન્યાસશ્રી પ્રશાંતકિર્તિસાગર મહારાજ સાહેબ તેમજ ભવ્ય કિર્તિસાગર મહારાજ સાહેબની અમૃત વાણી

જાહેરાત

શ્રેયાન વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર ખાતે એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ તા. ૧/૮/૨૦૧૩થી શરૂ થતાં સત્ર માટે બુક બાઈન્ડીંગ એપ્રેન્ટીસ અને મશીન માઈન્ડર એપ્રેન્સીટસની ભરતી કરવા તા. ૧૩/૯/૨૦૧૩ સુધી અરજી મંગાવવામાં આવે છે. ત્યાર બાદ આવેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ક્રમ	ટ્રેડ	લાયકાત	સ્ટાઈપેન્ડની રકમ અને વર્ષ
૧	બુક બાઈન્ડીંગ એપ્રેન્ટીસ	ધોરણ-૯ પાસ ઉંમર-૧૪થી ૨૮ વર્ષ	પ્રથમ વર્ષે-રૂ. ૧૪૯૦/- બીજા વર્ષે-રૂ. ૧૭૦૦/-
૨.	મશીન માઈન્ડર એપ્રેન્ટીસ	ન્યુ એસ.એસ.સી. પાસ ઉંમર-૧૪થી ૨૮ વર્ષ	પ્રથમ વર્ષે-રૂ. ૧૪૯૦/- બીજા વર્ષે-રૂ. ૧૭૦૦/- ત્રીજા વર્ષે-રૂ. ૧૯૭૦/-

ઉમેદવારે સ્વખર્ચે ઈન્ટરવ્યુ આપવા આવવાનું રહેશે. તેમજ સદર તાલીમ ફક્ત એપ્રેન્ટીસ ધારાની જોગવાઈ હેઠળની હોઈ તાલીમના અંતે છૂટા કરવામાં આવશે.

સહી/-
શ્રેયાન વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

માહિતી/૧૧૫૦/૧૩-૧૪